જિલ્લા ટેક્વોનડોના ઉભરતા સિતારા

ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ ટેક્વોન્ડો એસોસિએશન દ્વારા લેવાયેલી બ્લેક બેલ્ટ પરીક્ષામાં ધીમહિ સી પટેલ, વ્યમિકા એન પટેલ, આર્યન આર ચાવડા, તીસ્યા એમ ગાંધી, કાનલ આરચાવડા, પારૂલ આર ચાવડા, પાર્થ પટેલ, ક્રિષ્ના પટેલ ઉત્તીર્ણ થયા છે અને તેમણે ફર્સ્ટ ડેન બ્લેક બેલ્ટ ડિગ્રી પ્રાપ્ત કરી છે. તમામ ખેલાડીઓને રાજુભાઈ ચાવડા તરફથી તાલીમ પ્રાપ્ત થઈ છે. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં સૌથી નાની વયે બ્લેક બેલ્ટની ડિગ્રી પ્રાપ્ત કરી ધીમહિ પટેલે જિલ્લાનું નામ રોશન કર્યું છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના

શિક્ષકો વૃદ્ધાશ્રમની મુલાકાતે

ગાંધીનગર, તા. ૨૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર ખાતે કાર્યરત વીમેન્સ ડેવલપમેન્ટ સેલના કાર્યક્રમ અંતર્ગત એસ. વી. ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલ અને એસ. કે. પટેલ કેજી સ્કૂલના શિક્ષકોએ ગાંધીનગર સ્થિત ક્રિષ્ના વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. સૌએ વૃદ્ધાશ્રમના વડીલોના ખબર અંતરની પૃચ્છા કરી, તેમને ભજનો અને ભક્તિગીતો સંભળાવી, ભક્તિરસમાં તરબોળ કરી દીધા હતા. વડીલોએ પણ ભજનો ગાઈ, પોતાનો સક્રિય સહયોગ આપી, પોતાના અંતરની લાગણીઓ વ્યક્ત કરી હતી. એસ. વી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલનાં આચાર્ય જિજ્ઞા દર્પણ બુચે વૃદ્ધાશ્રમના સંચાલક રાજેશભાઈ ભટ્ટનો આભાર માન્યો હતો. આમ, સર્વ વિદ્યાલયના શિક્ષકોએ પૂજ્ય છગનભાના સૂત્ર "કર ભલા, હોગા ભલા"ને ચરિતાર્થ કરી વડીલોના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

જુનિયર ફેન્સિંગમાં ગુજરાત ઝળક્યું

ગાંધીનગર, તા. ૨૫

૨૭મી જુનિયર નેશનલ ફેન્સિંગ ચેમ્પિયનશીપ ટીટી નગર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, ભોપાલ, મધ્યપ્રદેશ ખાતે યોજાઈ હતી, જેમાં ગુજરાતના ખેલાડીઓએ ઉલ્લેખનીય પ્રદર્શન કરી બે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યા હતા અને ૨ ખેલાડીઓ જુનિયર ઈન્ડિયા કેમ્પ માટે ક્વોલિફાઈ થયા હતા.

ભાઈઓના વિભાગમાં અમરસિંહ ઠાકોર, સચિન પટણી, અજયસિંહ ચુડાસમા અને દિવ્યાંગ પાંડોરની ટીમે ફોઈલ ઈવેન્ટમાં ગુજરાતને બ્રોન્ઝ મેડલ અપાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ગુજરાતે તમિલનાડુ અને હરિયાણાને હરાવીને સેમિ ફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું.

બહેનોના વિભાગમાં કાજલ ચૌધરી, કુશી સમેજા, નિશા ચૌધરી અને રજનીકા ચૌધરીએ ફોઈલ ટીમ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. અમરસિંહ ઠાકોર અને રીતુ ચૌધરીની નેશનલ કેમ્પ માટે પસંદગી થઈ હતી.

ગુજરાતની ટીમના કોચ તરીકે કિંજલબેન ઠાકોરે પોતાની સેવાઓ આપી હતી.

મેડલ વિજેતા ખેલાડીઓ અને કોચીઝ તથા ઈન્ડિયા કેમ્પ માટે પસંદગી પામેલા ખેલાડીઓને એમેચ્યોર ફેન્સિંગ એસોસિએશન ઓફ ગુજરાત સ્ટેટના મંત્રી ભરતજી ઠાકોરે બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૧થી ૪ના વિદ્યાર્થીઓ માટે પ્રોપ ડાન્સની સ્પર્ધાનું આયોજન થયું હતું. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ વિવિધ ફિલ્મોનાં જાણીતાં ગીતો પર સુંદર ડાન્સ રજૂ કર્યા હતા.

શનિવારના રોજ સાંજે ૫-૩૦ કલાકે આત્મા હૉલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા 'સુરેશ જોષીની સર્જનયાત્રા' અને 'જેએનયુમાં આકાંક્ષા' પુસ્તકોના વિમોચન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે 'સુરેશ જોષીની સર્જનયાત્રા' પુસ્તક વિશે જયેશ ભોગાયતાએ વક્તવ્ય આપ્યું અને લેખિકા માલા કાપડિયાએ કેફિયત રજૂ કરી. 'જેએનયુમાં આકાંક્ષા' પુસ્તક વિશે લેખિકા અંશુ જોષીએ કેફિયત રજૂ કરી અને અજયસિંહ ચૌહાણે પુસ્તક વિશે વક્તવ્ય આપ્યું. કાર્યક્રમનું સંયોજન મનીષ પાઠક 'શ્વેત' દ્વારા કરવામાં આવ્યું હતું.

જન્મદિને વધામણી

પરમાર પ્રતાપસિંહ રાયસિંહ
મો. ૯૮૭૯૦૩૦૯૬૪

મૈત્ર ગોપાલકિષ્ન સોલંકી

ખુશી આનંદભાઈ પરમાર

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે. - સંપાદક

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા મોડાસા વિસ્તારમાં સેવાકાર્યો

ગાંધીનગરની જાણીતી સેવા સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા મોડાસા તાલુકાના છાત્રેશ્વરી તથા વાંટડા મુકામે કુલ ૭૬ લાભાર્થીઓને જીવન જરૂરિયાતની વિવિધ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૨ કિગ્રા ચોખા, ૧ કિગ્રા ખાંડ, ગોળ, મગ, ચ્હા, સાબુ, કોપરેલ, પેરાસીટામોલ જેવી વસ્તુઓ જરૂરિયાતમંદોને વહેંચવામાં આવી હતી. ઉપરાંત છાત્રેશ્વરી ખાતે દોઢ વર્ષની કાર્યરત રવિવારના ભોજનમાં ખીચડી, શાક ઉપરાંત મીઠાઈ અને ફરસાણ પિરસવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં સંસ્થા તરફથી હિંમતનગરના ડૉ. દિનેશ પ્રજાપતિ, પ્રેરણાબેન, ગાંધીનગરનાં સેજલબેન, સ્મિતાબેન, શુભમ, શ્રુતિ અને મિલિન્દભાઈ જોડાયા હતા.

જે એમ ચૌધરી વિદ્યાલયમાં હૉટેલ મૅનેજમૅન્ટ અંગે સૅમિનાર યોજવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૨૫

શ્રી જે એમ ચૌધરી વિદ્યાલય ખાતે હોટલ મેનેજમેન્ટ વિશેની માહિતી અજયભાઈ અને વિરેન્દ્રભાઈ જોષી દ્વારા આપવામાં આવી હતી.

ધોરણ-૧૦, ૧૨ પછીની કેરિયર બનાવવામાં મદદ કરનાર આ સેમિનારથી વિદ્યાર્થિનીઓના જ્ઞાનમાં વધારો કરી શકાયો હતો તથા તેમને કેરિયર અંગે એક નવી દિશાનો નિર્દેશ કરી શકાયો હતો. શાળામાં કેરીયર કોર્નર ચલાવતા મીનાબેન પટેલના સંચાલનમાં આચાર્ય બેન શ્રી રમીલાબેન ચૌધરીના માર્ગ દર્શન હેઠળ આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ફેન્સિંગમાં ગુજરાતના ખેલાડીઓ ઝળક્યા

૬૫મી શાળાકીય નેશનલ ફેન્સિંગ ચૅમ્પિયનશીપ ચંદીગઢ ખાતે તાજેતરમાં યોજાઈ હતી, જેમાં ગુજરાતના ખેલાડીઓએ ૪ મેડલ મેળવીને રાજ્યનું ગૌરવ વધાર્યું હતું. અજયસિંહ ચુડાસમા, અજયસિંહ ગોહિલ, હર્ષરાજસિંહ જાદવ, યુવરાજસિંહ ગોહિલ, સત્યજીત પરમાર, પાર્વતીબેન ઠાકોર, મનીષા ચૌધરી, નેહા ચૌધરી, અર્ચિતા પટેલ આ ગૌરવમાં હિસ્સેદાર થયાં હતાં. કોચ તરીકે અનિલ કુમાર, સંદીપ શર્મા અને કિંજલબેન ઠાકોરે પોતાની સેવાઓ આપી હતી. તમામ વિજેતા ખેલાડીઓ અને કોચીઝને એમેચ્યોર ફેન્સિંગ એસોસિએશન ઓફ ગુજરાત સ્ટેટના મંત્રી ભરતજી ઠાકોરે બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

'પાણીપત'માં ગુજરાતી કલાકાર પરેશ શુક્લનો અભિનય જોવા મળશે



બબ્બે નૅશનલ ઍવૉર્ડ જીતનારી ગુજરાતી ફિલ્મ 'હેલ્લારો' થિયેટર્સમાં સફળતાપૂર્વક ચાલી રહી છે ને દર્શકોનાં દિલોમાં સ્થાન જમાવી રહી છે ત્યારે દર્શકોનાં દિલો જીતવા માટે એક હિન્દી ફિલ્મના માધ્યમથી ગુજરાતી તખ્તાના કલાકાર આવી રહ્યા છે.

ગુજરાતના ખ્યાત કલાકાર પરેશ શુક્લ આગામી હિન્દી ફિલ્મ 'પાણીપત'માં ચમકી રહ્યા છે. ડ્રામા ડીપ્લોમાના અભ્યાસ બાદ ગુજરાતી તખ્તાના પ્રખ્યાત દિગ્દર્શક અને અભિનેતા સ્વ. નિમેષ દેસાઈ, પી તુષાર, નીલમ ગામડિયા, દિલીપ ગઢવી અને દેવેન્દ્ર શાહનાં નાટકોમાં તેમણે અભિનેતા તરીકે કામ કર્યું છે અને અમદાવાદની પ્રખ્યાત નાટ્ય સંસ્થા અર્પણ (રમેશ અમીન)નાં અનેક નાટકોમાં તેમણે ઉલ્લેખનીય અભિનય આપ્યો છે. ઉપરાંત પીજ, દુરદર્શન અને અન્ય ટીવી ચેનલ્સની ટીવી સિરિયલ, ટેલી ફિલ્મ્સ, ગુજરાતી ફિમ્લ્સ તથા અનેક જાહેરખબરો, એડ ફિલ્મ્સના માધ્યમથી પણ તેમણે પોતાની અભિનયક્ષમતા પ્રદર્શિત કરી છે.

વાચકો જાણે છે કે નવેમ્બર, ૨૦૧૮થી સપ્ટેમ્બર, ૨૦૧૯ સુધી કંઈ કેટલાય શૂટિંગ શિડયુલમાં લખલૂટ ખર્ચે નિર્માણ પામેલી, સુનિતા ગોવારીકર અને રોહિત શેલતકર નિર્મિત તથા ઐતિહાસિક ફિલ્મોના મહારથી અને લગાન, સ્વદેશ, જોધા અકબર જેવી ફિલ્મ્સના સંવેદનશીલ અને પ્રતિભાશાળી દિગ્દર્શક આશુતોષ ગોવારીકર દ્વારા દિગ્દર્શિત ફિલ્મ 'પાણીપત' આગામી તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બરના રોજ રિલીઝ થઈ રહી છે. હાલ આ ફિલ્મનું ટ્રેલર યુટ્યુબ પર ધૂમ મચાવી રહ્યું છે.

પ્રસંગસર
કુંતલ નિમાવત
knn786@gmail.com

પરેશ શુક્લ આ ફિલ્મમાં સદાશિવ રાવ પેશ્વાના સેનાપતિઓ પૈકીના એક સેનાપતિ ગોવિંદ પંત બુંદેલાનું પાત્ર ભજવી રહ્યા છે. ફિલ્મમાં અર્જુન કપુર, કિતિ સેનન, સંજય દત્ત, મોહનીશ બહલ, પદ્મિની કોલ્હાપુરે, ઝીનત અમાન, કુણાલ કપૂર (શશી કપૂરના પુત્ર), રવિન્દ્ર મહાજની, જ્ઞાનેશ વાડેકર, ગશ્મીર મહાજની, મિલીંદ ગુણાજીપણ મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યા છે.

ફિલ્મમાં પોતાની હિસ્સેદારી વિશે વાત કરતાં પરેશભાઈ જણાવે છે કે કંઈ કેટલાય ઓડિશન સ્ક્રીન ટેસ્ટ અને લૂક ટેસ્ટ પછી ફિલ્મ માટે સીલેક્ટ થવું અને આ ભવ્ય ફિલ્મનો હિસ્સો બનવું એ મારા માટે ખૂબ સૌભાગ્ય, ખુશી અને ગર્વની બાબત છે. ખાસ તો દિગ્દર્શક આશુતોષ ગોવારીકર સાથે કામ કરવું એ જીવનની મોટી ઉપલબ્ધિ છે. ભારતના ભાગ્યનું નિર્માણ કરનાર અને એક જ દિવસમાં ઈતિહાસ બદલી નાખનાર યુદ્ધની પૃષ્ઠભૂમિ પર આધારિત ફિલ્મ પાણીપત મરાઠાઓના મજબૂત મનોબળ, લોખંડી તાકાત, અપ્રતિમ હિંમત, પ્રખર દેશદાઝ, વિચક્ષણ યુદ્ધ કૌશલ્ય અને માતૃભૂમિ માટે જાનની બાજી લગાવી દેવાના ઝનૂનનું તાદશ્ય નિરુપણ કરે છે. કલા નિર્દેશક નિતીન દેસાઈના ભવ્ય સેટ મરાઠાના ભવ્ય વારસાને રૂપેરી પરદે હૂબહૂ રજૂ કરે છે. પરેશ શુક્લને ફિલ્મ માટે હૈયું ભરીને શુભકામનાઓ.